ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૭૨/૧૮-૧૯/ 1062
તારીખ : 16 MAR 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી રામસિંહ મનુભાઈ પઢીયાર,
વિજય પાર્થ, ગાંધાબાગ પાસે,
મુ.મહુવા, જી.ભાવનગર.
**મો.નં. ૯૮૯૮૫ ૮૬૪૬૫.**

કેસ નં.૧૭૨/૧૮-૧૯

**વિષય : નવાં ઘર વપરાશનાં વીજ કનેકશન મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૯/૦૨/૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૭૨/૧૮-૧૯/૫૭૪ તા.૧૪/૦૨/૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૭૨/૧૮-૧૯/૭૪૮ તા.૨૫/૦૨/૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૫/૦૩/૨૦૧૯ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મહુવા શહેર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૭૨/૧૮–૧૯** ☜

વાદી :– શ્રી રામસિંહ મનુભાઈ પઢીયાર

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– ૦૫.૦૩.૨૦૧૯** ◈

હાજર રહયા :– શ્રી પાર્થસિંહ રામસિંહ પઢીયાર – (વાદીનાં પુત્ર)

પ્રતિવાદી :– શ્રી એમ.વી. ચુડાસમા, નાયબ ઈજનેર, શહેર પેટા વિભાગીય કચેરી, મહુવા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી રામસિંહ મનુભાઈ પઢીયાર, મુ.મહુવા, જી.ભાવનગરની નવા ઘરવપરાશ વીજ કનેકશન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૭૨/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૭૨/૧૮–૧૯/૫૭૪ તા.૧૪.૦૨.૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૫.૦૩.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદીનાં પુત્ર શ્રી પાર્થસિંહ રામસિંહ પઢીયાર હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.વી. ચુડાસમા, નાયબ ઈજનેર, શહેર પેટા વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો વાદી શ્રી રામસિંહ મનુભાઈ પઢીયાર તેમજ વિજયસિંહ રામસિંહ પઢીયાર તેમજ પાર્થસિંહ રામસિંહ પઢીયાર દવારા શ્રી રામ એપાર્ટમેન્ટ, કોલેજ પાછળ ઘરવપરાશ માટેના વીજજોડાણો માંગવામાં આવેલ છે.

૧.૨ અમોને વીજકનેકશન ન આપવા માટે ઉભી કરેલી કવેરીઓ પૈકી ૧ થી ૪ ફોરમલ છે. આ કવેરી પ્રમાણેના દસ્તાવેજ અમો જોડેલા છે. કવેરી નં.૫ મં અમોને લાગુ પડતી નથી. વર્ષ ૨૦૦૦ થી શ્રી વિજયપાર્થ આઈસ ફેકટરીનો ઉભો કરેલો વિવાદ હાલ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં આર/સેકન્ડ અપીલ નં.૨૩૮/૨૦૧૮ નામદાર કોર્ટે દાખલ કરી, તેમા મનાઈ હુકમ આપેલ છે, જેની નકલ આ સાથે સામેલ છે.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

..૨..

..૨..

૧.૩ અમો અરજદાર ઉપર પીજીવીસીએલનું કોઈપણ પ્રકારનું એરીયસ બાકી છે નહી તેમજ અમોએ માંગેલ વીજજોડાણ વાળી મિલ્કત ઉપર પણ કોઈ બાકી લેણું છે નહી. વિવાદવાળી મિલ્કતથી આ વીજજોડાણની અરજી વાળી મિલ્કત બન્ને વચ્ચે આશરે એક કીલોમીટરનું અંતર છે. તો અમારા આ ઘર વપરાશના વીજ કનેકશન માટેની માંગણી સ્વિકારીને વહેલી તકે વીજ કનેકશન આપવા હુકમ કરવા દાદ આપવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદારનું નામ :– રામસિંહ મનુભાઈ પઢીયાર

૨.૨ કેટેગરી :– RGPR

૨.૩ વીજજોડાણ માંગણીની અરજી તા.૦૩.૧૧.૨૦૧૮

૨.૪ વાદી દવારા નવું ઘરવપરાશ લાઈટીગ વીજ કનેકશન મેળવવા માટે મહુવા શહેર પેટા વિભાગીય કચેરીમાં માત્ર એ–૧ ફોર્મ રજુ કરેલ હતું. સદર ફોર્મ સાથે જોડવામાં આવેલ ડોકયુમેન્ટસ પુરતાં ન હોવાથી તેમને મહુવા શહેર પેટા વિભાગ દવારા પત્ર નં.મહુવા/શહેર/બિલીગ/૬૭૪૭ તા.૨૬.૧૨.૨૦૧૮ થી જાણ કરવામાં આવેલ હતી.

૨.૫ સદર વાદીની ફરીયાદ કરવામાં આવેલ છે, પરંતુ આ વીજજોડાણ માટે જરૂરી ડોકયુમેન્ટ જેવા કે રેસીડેન્સીયલ પ્રુફ જોડેલ નથી, મકાનનો દસ્તાવેજ સામેલ નથી, બાંધકામ અંગેની નગરપાલીકાની મંજુરી સામેલ નથી, મકાનનો એપ્રુવલ પ્લાન પણ સામેલ નથી, બાજુવાળાનું લાઈટબીલ પણ સામેલ કરવામાં આવેલ નથી.

૨.૬ સદર કેસમાં વાદી દવારા જણાવવામાં આવેલ છે કે કંપની દવારા કાઢવામાં આવેલ વાંધા (કવેરી) મુદા નં.૧ થી ૪ સામાન્ય છે પરંતુ આ બાબતમાં જણાવવાનું કે આ ડોકયુમેન્ટસ વીજજોડાણ મેળવવા માટે અત્યંત જરૂરી છે. રેસીડેન્સીયલ પ્રુફ, મિલકત/મકાનનો દસ્તાવેજ ખરી નકલ સાથે, બાંધકામ અંગે નગરપાલીકાની મંજુરીપત્ર, વીજજોડાણ મેળવવાની જગ્યાની બાજુ વાળાનું લાઈટબીલ આ ડોકયુમેન્ટસ અત્યંત જરૂરી છે, જે વાદી દવારા સામેલ કરવામાં આવેલ નથી.

૨.૭ વાદીની રજુઆત મુજબ વાંધા નં.૫ અમોને લાગુ પડતી નથી તેમ જણાવેલ છે પરંતુ સદર અરજદાર નં.૧ રામસિંહભાઈ મનુભાઈ પઢીયારના પત્ની તેમજ શ્રી વિજયસિંહ પઢીયાર તેમજ પાર્થસિંહ પઢીયારના માતુશ્રીના નામથી મહુવા વિજય–પાર્થ આઈસ ફેકટરીના નામનું બરફના કારખાનાનું ઔદ્યોગીક વીજજોડાણ કે જેનો ગ્રાહક નં.૩૭૧૦૧/૫૦૧૦૩/૬ હતો. આ વીજજોડાણમાં વીજચેકીગ સમયે ગેરરીતી માલુમ પડતાં ગ્રાહકને પુરવણી બીલ આપવામાં આવેલ હતું. સદર બીલ નહી ભરતાં ગ્રાહક સામે દિવાની દાવા નં.૧૩૧/૨૦૦૦ દાખલ કરવામાં આવેલ હતો. આ દાવાનું હુકમનામુ કંપનીની તરફેણમાં આવતાં તેની સામે વાદીશ્રી મનહરબા પઢીયાર સામે દિવાની દરખાસ્ત નં.૯૮/૨૦૧૩ દાખલ કરવામાં આવેલ હતી. સદર દરખાસ્ત સામે મનહરબા પઢીયાર દવારા ભાવનગર ડીસ્ટ્રીકટ કોર્ટ, મહુવા ખાતે રેગ્યુલર સિવીલ એપ્લીકેશન નં.૬૮/૨૦૧૫ દાખલ કરવામાં આવેલ હતી. તેના હુકમનામા મુજબ પીજીવીસીએલ દવારા સુધારેલી દરખાસ્ત નં.૦૭/૨૦૧૭ દાખલ કરેલ છે. જે હાલ જપ્તીના સ્ટેજ પર છે.

૨.૮ વાદી દવારા રજુઆત કરેલ છે કે અમો અરજદાર ઉપર પીજીવીસીએલનું કોઈ લેણું બાકી નથી પરંતુ વાદીના સીધીલીટીના વારસદાર શ્રી મનહરબા રામસિંહ પઢીયાર પાસે કંપનીના રૂા.૧૦,૯૦,૦૨૬.૧૦ ની દરખાસ્ત પેન્ડીગ છે. સપ્લાયકોડના કલોઝ નં.૪.૩૦ મંજબ કંપની [illegible] હોય નવું વીજજોડાણ આપી શકાય નહી.

P.G.V.C.L. Grievance Redressal Forum Bhavnagar.

૨.૯ આ કેસમાં વાદીશ્રી રામસિંહભાઈ પઢીયાર દવારા રજુ કરવામાં આવેલ છે કે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ નં.૨૩૮/૨૦૧૮ દાખલ કરી, મનાઈહુકમ આપેલ છે. જે વાત ખોટી છે હાઈકોર્ટ દવારા જજમેન્ટ મુજબ રકમ ૪ વીકમાં હાઈકોર્ટમાં જમા કરાવવા બાબતનો ઓરલ ઓર્ડર કરવામાં આવેલ છે. આ ઓર્ડર તા.૨૩.૦૧.૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ છે. આ ઓર્ડર મુજબ ચારવીકનો સમય પુરો થઈ ગયેલ છે. હાઈકોર્ટમાં રકમ ઓરલ ઓર્ડર મુજબ ભરપાઈ કર્યાની કોઈ રસીદ અત્રેની કચેરીએ રજુ કરવામાં આવેલ નથી.

૨.૧૦ હાઈકોર્ટ દવારા નીચેની કોર્ટનો ઓર્ડર સ્ટે કરવા કોઈ હુકમ થયેલ નથી. માટે સ્ટે મેળવેલ હોવાની વાત ખરી નથી.

૨.૧૧ સદર કેસને હાઈકોર્ટમાં ડીફેન્સ કરવા માટે અત્રેની કચેરી દવારા હાઈકોર્ટના વકીલનું નામ સુચવવા એમએચવીડી/એકા/રેવ/લીગલ/૧૨૫૮ તા.૧૮.૦૨.૨૦૧૯ ના રોજ પત્ર લખેલ છે.

૨.૧૨ ઉપરોક્ત તમામ મુદ્દા જે ધ્યાનમાં લઈ આ વીજજોડાણ લઈ શકાય નહી. સદર રજુઆતને ધ્યાનમાં લઈ કંપનીની તરફેણમાં હુકમ કરવા વિનંતી.

☞ **ફોરમનું તારણ** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર રામસિંહ મનુભાઈ પઢીયારની ફોરમને રજુઆત છે કે તેઓએ પઢીયાર રામસિહં મનુભાઈ પઢીયાર, વિજયસિંહ રામસિંહ અને પઢીયાર પાર્થસિંહ રામસિંહ ના નામના ત્રણ અલગ અલગ ઘરવપરાશ ના વીજજોડાણ માટે અરજી કરેલ, જે સબબ પ્રતિવાદીએ વિજય પાર્થ આઈસ ફેકટરીનો બાકી લેણા રકમનો વિવાદ ઉભો કરી, જોડાણ આપેલ નથી.

૩.૨ વાદીએ પ્રતિવાદીની કચેરીમાં ઉપર મુજબના ત્રણ અરજદારોના ત્રણ ઘરવપરાશના વીજજોડાણ માટેના અરજી ફોર્મ પ્રતિવાદીની કચેરીમાં રજુ કરેલ.

૩.૩ વાદીએ પ્રતિવાદીની કચેરીમાં રજુ કરેલ અરજી ફોર્મ સાથે જરૂરી ડોકયુમેન્ટસ ના હોવાથી પ્રતિવાદીએ તા.૧૬.૧૧.૨૦૧૮ ના તેમજ તા.૨૬.૧૨.૨૦૧૮ ના રોજ પત્ર લખી નીચે મુજબના દસ્તાવેજી પુરાવા વાદી પાસે માંગેલ.

(૧) રેસીડેન્ટ પ્રુફ, (૨) મકાનના માલિકીનો દસ્તાવેજ, (૩) બાંધકામ અંગેની મંજુરી

(૪) બાજુવાળાનું લાઈટબીલ.

૩.૪ આજરોજ વાદીનાં પ્રતિનીધી પાર્થસિંહ રામસિંહ પઢીયારને પુછતાં તેઓએ જણાવેલ કે ઉપરના મુદ્દા નં.૩.૩ મુજબના ડોકયુમેન્ટસ અમોએ રજુ કરેલ નથી.

૩.૫ તેમજ પ્રતિવાદીએ તા.૨૬.૧૨.૧૮ ના પત્રમાં શ્રીમતી મનહરબા રામસિંહ પઢીયાર (વિજય પાર્થ આઈસ ફેકટરી) ના નામ નાં રૂા.૧૦,૯૦,૦૨૬.૧૦ ની બાકીની લેણી રકમ ભરપાઈ કરવાનું જણાવેલ તેમજ આ રકમ માટેની નામદાર કોર્ટની દરખાસ્ત ૦૭/૧૭ તથા દાવા નં.૯૮/૧૩ નો ઉલ્લેખ કરી, બાકીની રકમ ભરપાઈ કરી આપવા જણાવેલ.

૩.૬ પ્રતિવાદીએ મનહરબા રામસિંહ પઢીયાર ની પાસેથી રૂા.૧૦,૯૦,૦૨૬.૧૦ ની લ્હેણી રકમ હોઈ, જી.ઈ.આર.સી.ના સપ્લાય કોડ નં.૪/૨૦૧૫ ના ક્લોઝ ૪.૩૦ મુજબ વાદી અરજદારને તેઓએ માંગેલ ત્રણ વીજજોડાણ મળી શકે નહી, તેમ જણાવેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૩.૭ જી.ઈ.આર.સી. સપ્લાય કોડ નોટીફીકેશન નં.૪/૨૦૧૫ ના કલોઝ નં.૪.૩૦ મુજબ "નવા જોડાણ, પુનર્જોડાણ, વીજભારમાં વધારો કે ઘટાડો, નામમાં ફેરફાર અથવા કોઈ જગ્યા માટે સર્વિસ લાઈન ખસેડવા માટેની અરજી, તે જગ્યાના સબંધીત કોઈ લેણાં અથવા અરજદાર દવારા વિતરણ પરવાનેદારના અધિકારક્ષેત્રમાં કોઈપણ જગ્યાએ તેના નામે રાખેલ બીજા કોઈ સર્વિસ જોડાણના સબંધમાં કોઈ બાકી રકમ, ચુકવવામાં આવશે નહી, ત્યાં સુધી પરવાનેદાર દવારા ધ્યાનમાં લેવામાં આવશે નહી.

પરંતુ નવા અરજદાર પાસેથી અગાઉના લેણાં વસુલ કર્યા પછી જોડાણ આપવામા આવે તેવા કેસમાં અને યોગ્ય કાનૂની ઉપાય પ્રાપ્ત થયા પછી પરવાનેદારને તે જગ્યા અગાઉના ગ્રાહક/માલિક પાસેથી કે કબજેદાર પાસેથી બાકી નીકળતી પૂરેપૂરી કે આંશિક રકમ મળે તે કેસમાં, આવી બાકી નીકળતી રકમ વસૂલ કરવાના ખર્ચ સરભર કર્યા પછી જેની પાસેથી બાકી રકમ વસૂલ કરવામાં આવી હોય તે નવા ગ્રાહક/ માલિક કે કબજેદારને રકમ પાછી આપશે."

૩.૮ ફોરમ સમક્ષ રજુ થયેલ કેસમાં વાદી અરજદારે પઢીયાર રામસિંહ મનુભાઈ, પઢીયાર વિજયસિંહ રામસિંહ અને પઢીયાર પાર્થસિંહ રામસિંહ એમ ત્રણ ઘરવપરાશના વીજજોડાણ માંગેલ છે જયારે પ્રતિવાદીનાં જણાવ્યા મુજબ મનહરબા રામસિંહ પઢીયાર, વિજય પાર્થ આઈસ ફેકટરીમાં મનહરબા પ્રોપરાઈટર છે અને તેની સામે પ્રતિવાદીની વીજબીલની રકમ ૧૦.૯૦ લાખ બાકી રહે છે જેના લીધે પ્રતિવાદીએ વાદીને વીજજોડાણો આપવાની ના પાડેલ છે પરંતુ આ કેસમાં માંગેલ નવા વીજજોડાણના અરજદારો તેમજ જેની સામે રકમ બાકી છે તે વ્યકિત અલગ અલગ છે તેમજ પ્રતિવાદીનું જે સ્થળ પર બાકી નીકળની વીજબીલની રકમનું સ્થળ અને અરજદારોએ માંગેલ વીજજોડાણોનું સ્થળ પણ અલગ અલગ છે, જેથી નોટીફીકેશન નં.૪/૨૦૧૫ ના કલોઝ નં.૪.૩૦ ને લાગુ પાડી શકે નહી.

૩.૯ પ્રતિવાદીએ વાદી પાસે માંગેલ દસ્તાવેજી પુરાવાઓ વાદીએ આપવા જરૂરી છે. આથી વાદી દવારા પ્રતિવાદીને માંગેલ દસ્તાવેજો રજુ કર્યેથી પ્રતિવાદીએ અરજી નોંધણી કરીને નિયમોનુસાર માંગેલ વીજજોડાણો આપવા અંગેની કાર્યવાહી કરવી.

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૮ અને ૩.૯ મુજબ હુકમ કરવામાં આવે છે."**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ગેરહાજર | |
| **(બી. જે. દવે)** | **(પી. એચ. માવાણી)** | **(એમ. આર.વજરીયા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :– ૦૫.૦૩.૨૦૧૯

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.